# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ તા. ૨૩.૦૫.૨૦૧૯

------------

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં આજે અમદાવાદમાં *"જન અભિવાદન સભા"* યોજાશે**

------------

**આજરોજ સાંજે ૭.૦૦ કલાકે**

**સ્થળઃ નિગમ બસસ્ટેન્ડ, નિગમ સોસાયટી પાસે, સ્મૃતિ મંદિર પાસે, ઘોડાસર, અમદાવાદ**

------------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ એક અખબારી યાદીમાં જણાવ્યુ હતુ કે, લોકસભાના ચૂંટણીમાં સમગ્ર દેશમાં અને ગુજરાતમાં ભાજપાના લોકસભાના ઉમેદવારોનો ભવ્ય વિજય થયેલ છે. લોકસભા ચૂંટણી ૨૦૧૯ના પરિણામો એ લોકશાહીનો વિજય, જનતાજનાર્દનનો વિજય છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના વ્યક્તિત્વ, કર્તૃત્વ, નેતૃત્વની જીત છે. શ્રી અમિતભાઇ શાહની કુશળ સંગઠન શક્તિ અને ચૂંટણી વ્યુહ રચનાની જીત છે. કાર્યકર્તાઓના પરિશ્રમની જીત છે.

ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ બેઠકોમાં વિજય થયો છે તેમજ વિધાનસભાની પેટાચૂંટણીઓમાં ભાજપા વિજયી થયેલ છે ત્યારે જનતાને વંદન-અભિનંદન-ધન્યવાદ માટે **અભિવાદન સભા આજે તારીખ ૨૩ મે, સાંજે ૭.૦૦ કલાકે નિગમ બસસ્ટેન્ડ, નિગમ સોસાયટી પાસે, સ્મૃતિ મંદિર પાસે, ઘોડાસર, અમદાવાદ ખાતે** આયોજન કરવામાં આવ્યુ છે.

**આ સભાને રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી સંબોધશે.** તેમજ અમદાવાદ પશ્ચિમ-પૂર્વ લોકસભાના ભાજપાના ઉમેદવારો સહિત ભાજપા આગેવાનો ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે ભાજપાના પદાધિકારીઓ, કાર્યકરો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ